Extra No. 552

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, OCTOBER 26, 2026 / KARTIKA 4, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મ્યુનિસિપલ સેક્રેટરી ઓફીસ

અમદાવાદ, ૫મી ઓક્ટોબર, ૨૦૨૬

ક્રમાંક : AMC/01/2026:- અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય સભાનો ઠરાવ નં.૯૫૪ તા.૨૮-૦૧-૨૦૨૬ વંચાણે લઈ ધી ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ની કલમ-૪૫૭(૨) મુજબ કલમ-૪૫૫(૧) હેઠળ ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૦-૦૮-૨૦૨૬ના ઠરાવ ક્રમાંક: UDUHD/CRA/e-file/18/2026/3075/P Section થી આપવામાં આવેલ મંજૂરી મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેન્યુઅલ-૧ના નિયમો, પ્રકરણ-૨(અ), ૧. કોર્પોરેશનની કાર્યવાહીનું નિયમન કરતી જોગવાઈઓ / નિયમોના નિયમ(આઈ)ની હયાત જોગવાઈ રદ કરી નીચે કોષ્ટકમાં દર્શાવેલ સુધારેલ જોગવાઈ / નિયમ ધી જી.પી.એમ.સી. એક્ટની કલમ ૪૫૫(૨) હેઠળ રાજપત્રમાં આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧. (૧) આ નિયમો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેન્યુઅલ-૧ના નિયમો, પ્રકરણ-૨(અ),

૧. કોર્પોરેશનની કાર્યવાહીને નિયમન કરતી જોગવાઈઓ / નિયમોના સુધારા નિયમ-૨૦૨૬ કહેવાશે.

(૨) તે સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મેન્યુઅલ-૧ના નિયમો, પ્રકરણ-૨(અ), ૧. કોર્પોરેશનની કાર્યવાહીને નિયમન કરતી જોગવાઈઓ / નિયમોના નિયમ(આઈ) હયાત જોગવાઈ ના બદલે નીચે કોષ્ટકમાં જણાવેલ સુધારેલ જોગવાઈ / નિયમ કરવામાં આવે છે.

ક્રમ	હયાત જોગવાઈ	સુધારો
૧	"સભાની દરેક સૂચનામાં, આવી સભા જે સમયે અને સ્થળે ભરવાની હોય તે સમય અને સ્થળ અને કલમ-૪૪ અન્વયેના પ્રશ્નો સિવાયનું બીજું જે કામકાજ તેમાં કરવાનું હોય તે નિર્દિષ્ટ કરવા અને આવી સૂચના મ્યુનિસિપલ સેક્રેટરીએ બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા એક સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરખબર દ્વારા આપવી અને વ્યવહાર્ય હોય તેટલે સુધી તેવી સૂચનાની એક નકલ છેલ્લા જાણવામાં હોય તેવા દરેક સદસ્યના સરનામે સાધારણ ટપાલથી મોકલવી"	"સભાની દરેક સૂચનામાં, આવી સભા જે તારીખે સમયે અને સ્થળે ભરવાની હોય તેની તારીખ, સમય, સ્થળ નિર્દિષ્ટ કરતી ટૂંકી સૂચનાની મ્યુનિસિપલ સેક્રેટરીએ બહોળો ફેલાવો ધરાવતા ઓછામાં ઓછા એક સ્થાનિક વર્તમાનપત્રમાં જાહેરખબર આપવી, કલમ-૪૪ અન્વયેના પ્રશ્નો સિવાયનું બીજું જે કામકાજ તેમાં કરવાનું હોય તે તથા સભાની તારીખ, સમય, સ્થળ નિર્દિષ્ટ કરતી સૂચના/એજન્ડા અમદાવાદ મ્યુનિસપલ કોર્પોરેશનની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવી, સૂચના / એજન્ડાની નકલ દરેક સદસ્યને ઓનલાઈન ડિજિટલ મીડિયાના માધ્યમથી મોકલવી."

અરુણ આર. પંડ્યા,

મ્યુનિસિપલ સેક્રેટરી,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.10.28 15:46:09 IST